# સે-૭ના શોપીંગમાં વેપારીઓ દ્વારા ગુમાસ્તા ધારાનું સતત ઉલ્લંઘન

## સે-૭ના શોપીંગ સેન્ટરમાં દર સોમવારે રજા હોય છે પરંતુ ગુમાસ્તાઓને રજા મળતી નથી

ગાંધીનગરના સેકટર-૭ના શોપીંગ સેન્ટરમાં વેપારીઓ દ્વારા ગુમાસ્તા ધારાનું છડે ચોક ઉલ્લંઘન કરાઈ રહ્યું છે. સેકટર-૭માં દર અઠવાડીયે સોમવારે રજા રહે છે પરંતુ આ વેપારીઓ કાયદાની ઐસી તૈસી કરીને પણ ગુમાસ્તાઓને રજા આપતા નથી. સેકટર-૭ના વેપારી એસોસીએશન દ્વારા અગાઉ આ બાબતે મનપાના કમીશનરને આ બાબતની લેખિત જાણ કરાઈ હતી તેમજ હાલ ફરીથી આ બાબતે અરજી કરવામાં આવી છે. દર અઠવાડીયે એક રજા એ ગુમાસ્તાનો અધિકાર છે પરંતુ સે-૭ના શોપીંગ સેન્ટરમાં આવેલા વેપારીઓ કાયદાને ધોઈ પીએ છે અને ગુમાસ્તાઓને એક પણ દિવસ રજા આપતા નથી. જો ગુમાસ્તા ધારાનો અમલ જ ના થતો હોય તો ગુમાસ્તા ધારામાંથી મુકિત આપવી જોઈએ તેવી દલીલ સાથે એસોસીએશને ગુમાસ્તા ધારાના કડક અમલ માટે મ્યુનિસીપલ કમિશનરને વિનંતી કરી છે.

# કલોલમાં રિક્ષાચાલકના મૃત્યુ પ્રકરણમાં બે પોલીસ જવાનો સસ્પેન્ડ

## ડીવાયએસપીને સમગ્ર મામલાની તપાસ સોંપીને ખાતાકીય તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સસ્પેન્સનના હુકમ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જીલ્લાના કલોલ વિસ્તારમાંથી પોલીસે રીક્ષા ડીટેઈન કરીને રીક્ષા ચાલકને મેમો પકડાવ્યો હતો. ત્યારબાદ અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો અને હાર્ટ એટેક આવી જતા રીક્ષા ચાલકનું મોત થયું હતું. પોલીસની હેરાનગતિને કારણે મૃત્યુ થયું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં હંગામો કરી જયાં સુધી જવાબદાર પોલીસ સામે પગલા ન લેવાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરતા આખરે ડીએસપીએ મોડી સાંજે બે પોલીસ જવાનોને સસ્પેન્ડ કરી ડીવાયએસપીને તપાસ સોંપી છે.

કલોલમાંથી નીકળેલી રીક્ષા કલોલ તાલુકા પોલીસે ડીટેઈન કરી તેના ડ્રાઈવર ભરતજી ઠાકોરને મેમો પકડાવ્યો હતો. પલસાણા ગામમાં રહેતા ભરતજી ઠાકોર પોલીસ સ્ટેશનથી મેમો લઈને નીકળ્યા અને બહાર જ હાર્ટ એટેક આવી ગયો અને હોસ્પિટલ પહોંચતા પહેલા જીવ છૂટી ગયો હતો. પોલીસે હેરાનગતિ કરી હોવાથી રીક્ષા ચાલક ભરતજીનું મૃત્યુ થયું હોવાનો આક્ષેપ ગ્રામજનો તથા પરિવારજનોએ કલોલ તાલુકા પોલીસ મથકે કરી હોબાળો કર્યો હતો. જવાબદાર પોલીસ સામે ગુનો નહિ નોંધાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દેવાયો હતો. મોડી સાંજે ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલે કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ અને લોકરક્ષક સઝાદહુસેન બંનેને સસ્પેન્ડ કર્યા હતા. અને સમગ્ર મામલાની તપાસ ડીવાયએસપી જે.એ.જાડેજાને સોંપી છે. બંને જવાનોને ખાતાકીય તપાસ પૂરી ન થાય ત્યાં સુધી નૈતિકતાના ધોરણે સસ્પેન્ડ કર્યા છે.

# ચૂંટણી સેલના અધિકારીના મકાનમાં ચોરી કરનાર મહિલા ઘરઘાટીની ધરપકડ

## મહિલા ઘરઘાટીએ સોનાનો સિક્કો ચોર્યો હોવાની ફરિયાદ અધિકારીની પત્નીએ નોંધાવી હતી : ઘરઘાટી જામીન પર મુક્ત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સે-૧૯ ખાતે સરકારી બંગલામાં રહેતા ચૂંટણી સેલના અધિકારીની પત્નીએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં તેમના ઘરે કામકાજ કરવા આવતી મહિલા ઘરઘાટી સામે સોનાનો સિક્કો ચોરી કર્યો હોવાની ફરિયાદ આપી હતી. પી.એસ.આઈ વી.પી.સોલંકીએ મહિલા ઘરઘાટીની ધરપકડ કરી લીધી હતી. તેણીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે જામીન પર મુક્ત કરી છે.

ગાંધીનગરના સે-૧૯ સ્થિત જી-૧ ટાઈપ બંગલા નં.૨૬૦/૧ માં ચુંટણી સેલમાં નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતા હિમાંશુભાઈ જયંતીભાઈ પારેખ તેમના પરિવાર સાથે રહે છે. તેમના ઘરે બોરીજ ગામમાં રહેતી મહિલા ઘરઘાટી રંજનબેન મુકેશભાઈ ચૌધરી ઘરના કામકાજ માટે આવે છે. તેમના ઘરમાં પાણી ભરેલા માટલામાં મુકેલો આશરે ૧૦ ગ્રામ વજનનો રૂ.૧૫ હજારની કિંમતનો સોનાનો સિક્કો મહિલા ઘરઘાટી ૭ એ-લિે સાંજે ૪ થી ૫ ના સમયગાળા દરમિયાન ચોરી કરી લીધો હતો. આ ફરિયાદ અધિકારીની પત્ની શોભનાબેન પારેખે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધવી હતી. નોકર ચોરી અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધીને પી.એસ.આઈ સોલંકીએ ગુનાની તપાસ શરુ કરી હતી. પોલીસે તે મહિલા ઘરઘાટીની ધરપકડ કરી લીધી છે અને તેણીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેણીને જામીન પર મુક્ત કરી છે.



ગાંધીનગર પેન્શનર્સ સમાજની બેઠક તાજેતરમાં સે. ૨૨ કાર્યાલય ખાતે યોજાઈ ગઈ. જેમાં પેન્શનર્સ સમાજના પ્રશ્નો તેમજ આગામી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)



## ચિલોડામાં મેઘરાજાને મનાવવા 'મેહુલિયો નિકળ્યો

ચિલોડા ગામમાં ગ્રામજનો દ્વારા મેઘરાજાને મનાવવા વાજતે ગાજતે 'મેહુલિયો' કાઢવામાં આવ્યો હતો. આ મેહુલિયો લઈને રામભક્ત ભજન મંડળના ભક્તો ગામની શેરીએ શેરીએ ફરી દરેક ઘરે મેહુલિયાની પધરામણી કરાવી હતી. ગ્રામજનોએ પણ મેહુલિયાનું હરખથી સ્વાગત કર્યું હતું અને મહિલાઓએ પાણીનો અભિષેક કરીને આવકાર આપ્યો હતો. ગ્રામજનોએ લગભગ દરેક ઘરેથી ૨ થી ૩ કિલો જેટલા દાણા પક્ષીઓના ચણ માટે આપ્યા હતા અને રાત્રે ઉજાણીનું આયોજન કર્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# નરોડાથી ડભોડા સુધી એએમટીએસ બસ સુવિધા ચાલુ કરાતા હર્ષની લાગણી ફેલાઈ

## દર શનિવારે ડભોડીયા હનુમાનજીએ હજારો દર્શનાર્થીઓ આવે છે : નરોડા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કામ કરતા નોકરિયાતો માટે પણ આશિર્વાદરૂપ : સવારે ૬ થી રાતના ૯ સુધી દર કલાકે એક ટ્રીપ

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડા ખાતે અમદાવાદના નરોડા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારથી એએમટીએસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ શહેરી બસ સેવાને કારણે ડભોડા સહિત રણાસણ, લીંબડીયા, વલાદ વગેરે ગામોના નોકરિયાતો જેઓ નરોડા રોજ અપડાઉન કરે છે તેમજ વિદ્યાર્થીઓ અને શ્રી ડભોડીયા હનિમાનજીના ભક્તોને હર્ષ સાથે રાહતની લાગણી થવા પામી છે. આ બસ નરોડા ઈન્ડસ્ટ્રીઝથી ડભોડા સવારે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી દર કલાકે દોડાવવામાં આવશે.

શ્રદ્ધાના ધામ સમા ડભોડાના શ્રી ડભોડીયા હનુમાનજી મંદિરે દર શનિવારે બાપુનગર, નરોડા, કુબેરનગર, કોતરપુર અને અન્ય વિસ્તારોમાંથી ભક્તોના ઘોડાપુર ઉમટી પડે છે. વળી, નરોડાના ઔદ્યોગિક વિસ્તારમાં ડભોડા તેમજ આજુબાજુના અનેક ગામોના યુવાનો રોજગારી રળવા અર્થે દરરોજ આવનજાવન કરે છે. રોજ સવારે મોટી સંખ્યામાં આ વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ અભ્યાસ અર્થે અપડાઉન કરી રહ્યા છે. દરરોજ અસંખ્ય દર્દીઓ સારવાર અર્થે અને નાના મોટા વેપારીઓ ધંધાર્થે પણ નરોડા, બાપુનગર અને મેમકો વગેરે વિસ્તારમાં મુલાકાતે જઈ રહ્યા છે ત્યારે અમદાવાદની એએમટીએસ બસ સુવિધા દ્વારા આ તમામ મુસાફરોને અભુતપૂર્વ રાહત આપવાનું કાર્ય કર્યુ છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

નરોડા ઈન્ડસ્ટ્રીઝથી ડભોડા માટે ચાલુ કરાયેલી આ એએમટીએસ બસની પહેલી ટ્રીપમાં એએમટીએસના ચેરમેન બાબુભાઈ ઝડફિયાએ જાતે મુસાફરી કરી ડભોડા આવ્યા હતા જયાં શ્રી ડભોડિયા હનુમાનજી મંદિરના પુજારી શેખર મહારાજ સહિત મંદિરના ટ્રસ્ટીગણ, ગામના ડેપ્યુટી સરપંચ સુનિલ પટેલ સહિત અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પુજારી શેખર મહારાજે બસને આવકારી તેની પુજા વિધિ કરી હતી.

આ બસ સેવા નરોડા ઈન્ડસ્ટ્રીઝથી રણાસણ, લીંબડીયા અને વલાદ થઈને ડભોડા સુધી સવારે ૬ તી રાત્રે ૯ વાગ્યા દરમ્યાન દર કલાકે દોડાવવામાં આવનાર છે. આ માટે એએમટીએએસ દ્વારા ચાર બસોની સુવિધા રાખવામાં આવી છે. શ્રી ડભોડીયા હનુમાનજીના મંદિરે દર શનિવારે ટ્રેઈનમાં ભારે ગીર્દી અને ધક્કામુક્કીમાં આવતા દર્શનાર્થીઓને આ બસના કારણે કાયમી શાંતિ થવા પામી છે.

## નાના પશુણીયાનો યુવાન ગુમ થયો

દહેગામ પોલીસ સ્ટેશનમાં મહેશ ઉર્ફે પીન્ટુ નટવરસિંહ બેચરસિંહ સોલંકી, ઉ.વ. ૧૭, નાના પશુણીયાથી ગુમ થયેલ છે. શરીરે મજબૂત બાંધાનો, સાધારણ ઘઉંવર્ણો છે. શરીરે છીંકણી કલનું પેન્ટ પહેરેલ છે.

# રોટરી લો-કમિટીમાં અશ્વિન ત્રિવેદીની વા. ચેરમેન તરીકે નિમણુક કરાઈ

ગાંધીનગર, તા.૫

નગરના જાણીતા ધારાશાસ્ત્રી અને રોટરી કલબના ગાંધીનગરના પૂર્વ પ્રમુખ અશ્વિન ત્રિવેદીની રોટરી લો કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે.

નગરમાં વર્ષોથી સામાજીક કાર્ય સાથે જોડાયેલા અને જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી તેમજ રોટરી કલબ ગાંધીનગરના પૂર્વપ્રમુખ અશ્વિન ત્રિવેદીની રોટરી ડિસ્ટ્રીકટ ૩૦૫૧માં રોટરી બાય લો કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે ડિસ્ટ્રીકટ ગર્વનર જગદીશભાઈ પટેલ દ્વારા નિયુકત કરવામાં આવ્યા છે.

એડવોકેટ અશ્વિન ત્રિવેદી ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી છે. જેઓ રાષ્ટ્રીય બ્રહ્મસમાજના સભ્ય છે તેમજ નગરમાં વકીલાત ક્ષેત્રે ખૂબ સારી નામના મેળવી છે. ત્રિવેદીની લો કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવતા બ્રહ્મસમાજ દ્વારા હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે.

## આજે સે. ૨/એ માં ભજન કિર્તન

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર, ગાંધીનગર દ્વારા ભજન સત્સંગ કિર્તન આજે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ દરમિયાન નિરંજનભાઈ ઓઝાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૪/૨ સેક્ટર-૨-એ ખાતે યોજવામાં આવશે.

## આજે વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ

સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ અને સમાજ પરિચય પુસ્તિકાનું વિમોચન કાર્યક્રમ યોજવામાં આવશે.

ગાંધીનગર શહેર તેમજ પેથાપુર અને વાવોલમાં વસતા સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજના કુટુંબોનો સ્નેહમિલન સમારોહ અને સમાજ પરિચય પુસ્તિકા વિમોચન કાર્યક્રમ આજ રોજ રવિવાર સવારે ૧૦.૦૦ વાગે સંતશ્રી રોહિદાસ મંદિર સેકટર-૬ ખાતે શંભુનાથજી બાપુની અધ્યક્ષતામાં યોજાશે.

કાર્યક્રમનો શુભારંભ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા દ્વારા કરવામાં આવશે. સમાજના આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાં વસતા સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજના પરિવારોને ઉપસ્થિત રહેવા હરીભાઈ ચૌહાણે જણાવ્યું છે.

# નહેરુ યુવા કેન્દ્ર ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા.૫

રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મ દિવસ નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લાના વિવિધ સ્થળે કાર્યક્રમો યોજવામાં આવશે. ગાંધીનગર નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જન્મદિવસ ૬ જુલાઈ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાશે. જિલ્લાના અલગ અલગ સ્થળે વિવિધ સંસ્થા અને યુવા સંસ્થાના સહયોગથી રકતદાન, વૃક્ષારોપણ, વોલીબોલ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, એકતા પર આધારિત વાર્તાલાપ તેમજ પુષ્પાંજલિ આપવાના કાર્યક્રમ યોજાશે.

રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વરદાયિની હાઈસ્કુલનાં કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ અને આરોગ્ય કેન્દ્રના દર્દીઓને બિસ્કીટ, ચોકલેટનું વિતરણ કરવામાં આવશે.

# આજે રામેશ્વર લોટ વિધિવત રીતે ભાજપમાં પ્રવેશશે

ગાંધીનગર, તા.૫

પૂર્વ કર્મચારી આગેવાન અને વિવિધ સંસ્થાઓમાં અવિરત સેવાઓ આપનાર રામેશ્વર એમ. લોટ આવતીકાલે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કરશે. રામેશ્વર લોટને ભાજપમાં આવકારવા શોભાયાત્રા અને સન્માન સભા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અશોક પટેલ અને મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત અનેક ભાજપી અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

રામેશ્વર લોટ એ પૂર્વ કર્મચારી આગેવાન રહી ચુકયા છે અને ગાંધીનગરની અનેક સંસ્થાઓમાં અવિરત સેવાઓ આપી ચૂકયા છે. તેઓ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાહોશ અને લોકપ્રિય વ્યકિતત્વથી પ્રેરાઈને ભાજપમાં પ્રવેશવાનો નિર્ણય લીધો છે. તેમને ભાજપમાં આવકારવા માટે શહેર ભાજપ દ્વારા સે-૧૩એમાંથી શોભાયાત્રા કાઢવામાં આવશે અને સે-૧૨ના રંગમંચ ખાતે તેમની સન્માન સભા યોજાશે. આ સભા શહેર ભાજપ પ્રમુખ નિતીન પટેલની અધ્યક્ષતામાં યોજાશે જેમાં ધારાસભ્ય અશોક પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ ભાજપ શહેર ઉપાધ્યક્ષ નાનાભાઈ ઘાંઘર હાજર રહેનાર છે. આ સન્માન સભા બાદ આજે ૬ વાગે સે-૧૩ના લીંબચ મંદિરના સભાગૃહ ખાતે તેમના ભાજપ પ્રવેશ માટેની સભા યોજાશે. આ પ્રસંગે ભાજપના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.



## સ્ત્રી ભ્રૂણ હત્યા પર ડોકયુમેન્ટ્રી ફિલ્મ

દેશમાં સ્ત્રી ભ્રૂણ હત્યા એ સળગતો સવાલ છે. દિકરો પ્રાપ્ત કરવા માટે પત્થર એટલા દેવ કરવામાં આવે છે ત્યારે દિકરીને સાપનો ભારો સમજવામાં આવે છે. સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા માટે શહેરના અર્થિંગ ગ્રુપ દ્વારા સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા ડોકયુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી રહી છે. ફિલ્મ દ્વારા દિકરીને માતાની કોખમાં મારી નાખતા માતા પિતાને દિકરી શું કરી શકે છે તેના વિશેની સમજ આપવામાં આવી છે. દિકરી સાપનો ભારો નહિ..પણ તુલસીનો કયારો છે તેવું બતાવવામાં આવ્યું છે. અર્થિંગ ગ્રુપના સભ્યો કહે છે કે આ ફિલ્મથી ચોકકસ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બોબી જાસૂસ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

એક વિલન : ૧૨.૩૦, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૩.૧૫, ૬.૩૦

સ્ક્રીન-૪ :

ઑટોનગર સૂર્યા (તેલુગુ) : ૧૦.૦૦

હોલીડે : ૬.૪૫

બોબી જાસૂસ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

લેકર હમ દીવાના દિલ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦

હમશકલ : ૨.૫૦

હોલીડે : ૬.૦૦

: સ્ક્રીન-૩ :

એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બોબી જાસૂસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

લેકર હમ દિવાના દિલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

એક વિલન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે. પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. ભેમાભાઈ સોમાભાઈ દેસાઈ (ઉ.વ. ૫૩) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. ત્રિકમભાઈ નારણભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૫૧૨/૧, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. નાનાલાલ નવલરામ ભટ્ટ (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૨૯૫/૩, શિલ્પ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૦, ગાંધીનગર